| | |
|---|---|
| | **એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ** |
| | **નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.** |
| | **દ્વિતિય પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૪** |
| | તારીખ : ૨૮-૦૧-૨૦૧૪   ધોરણ : ૧૨   સમય : ૩:૦૦ કલાક |
| | વાર : મંગળવાર   વિષય : નામાનાં મૂળતત્ત્વો   ગુણ : ૧૦૦ |

**નોંધ:** 1. જ્યાં જરૂર હોય ત્યાં ખાના દોરા.
2. જ્યાં જરૂર હોય ત્યાં ગણતરી બતાવો.

## વિભાગ -A

**નીચેના 1 થી 10 પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. જેનો સાચો જવાબ શોધીને પૂર્ણ વાક્ય કે શબ્દમાં લખો. દરેક પ્રશ્ન એક ગુણનો છે.** **(10)**

1. દરેક ભાગીદાર અન્ય ભાગીદાર અને પેઢીનો ......... છે.
   (A) હરીફ (B) પ્રતિનિધી
   (C) મેનેજર (D) લેણદાર
2. "માલ પરત જમા" એ ........ ની રીતે પણ ઓળખાય છે.
   (A) વેચાણ (B) ખરીદ પરત
   (C) વેચાણ પરત (D) ઉપાડેલ માલ
3. નવા ભાગીદારના પ્રવેશ વખતે જો પાઘડીની કિંમત ચોપડા કિંમત કરતા ઓછી આંકવામાં આવે તો પાઘડી ખાતે શું અસર અપાય છે.
   (A) પાઘડી ખાતુ ઘટેલી કિંમતથી ઉધારવામાં આવે છે.
   (B) પાઘડી ખાતુ ઘટેલી કિંમતથી જમા કરવામાં આવે છે.
   (C) પાઘડી ખાતુ નવી કિંમતથી ઉધારવામાં આવે છે.
   (D) પાઘડી ખાતુ નવી કિંમતથી જમા કરવામાં આવે છે.
4. નિવૃત્ત ભાગીદારને તેનો ભાગ આપી દિધા પછી બાકીના ભાગીદારોનું નવું પ્રમાણ એટલે .....
   (A) નવું પ્રમાણ - ત્યાગ (B) ત્યાગ + લાભ
   (C) જુનું પ્રમાણ - નવું પ્રમાણ (D) જુનું પ્રમાણ + લાભ
5. ભાગીદારી પેઢીના વિસર્જન પછી મિલકતોમાંથી ઉપજેલ રકમમાંથી કઈ જવાબદારી સૌથી છેલ્લે ચુકવાય છે ?
   (A) વિસર્જન ખર્ચ (B) ભાગીદારની લોન
   (C) ત્રાહીત પક્ષના દેવાં (D) ભાગીદારીની પત્નીની લોન
6. જ્યારે કંપની તેણે ખરીદેલી ચોખ્ખી મિલકતો કરતા વધુ રકમના શેર બદલામાં આપે ત્યારે તફાવતની રકમ .......... ખાતે લખાય છે.
   (A) પાઘડી (B) ઉપલક
   (C) પ્રિમીયમ (D) મૂડી અનામત
7. જ્યારે "ડિબેંચર પરત ફંડના રોકાણો" નફાથી વેચવામાં આવે ત્યારે કયું ખાતુ જમા કરવામાં આવે છે ?
   (A) રોકડ/બેંક ખાતુ (B) ડિબેંચર ખાતુ
   (C) ડિબેંચર પરત ફંડના રોકાણોનું ખાતું (D) ડિબેંચર પરત ફંડ ખાતુ
8. નીચેનામાંથી શેનો સમાવેશ પ્રવૃત્તિના ગુણોત્તરોમાં થતો નથી ?
   (A) સ્ટોકનો ઉથલો (B) ચાલુ ગુણોત્તર
   (C) કાર્યશીલ મૂડીનો ઉથલો (D) (A) અને (C) બંન્ને

9. દેશીનામા પદ્ધતિમાં હિસાબો કંઈ ભાષામાં લખાય છે ?
   (A) ગુજરાતી (B) હિંદી
   (C) વહી (D) પ્રાદેશીક
10. કયા પ્રકારના ડિબેંચર ફક્ત કંપનીની વિસર્જન વખતે પરત કરવામાં આવે છે ?
   (A) તારણવાળાં (B) રૂપાંતર પાત્ર
   (C) પરત કરી શકાય તેવાં (D) પરત ન કરી શકાય તેના (કાયમી)

## વિભાગ - B

**નીચેના 11 થી 20 પ્રશ્નો ટૂંક જવાબી પ્રશ્નો છે. જેનાં માગ્યા પ્રમાણે જવાબ આપો. દરેક પ્રશ્ન એક ગુણનો છે.** (10)

11. જ્યારે પેઢીના મેનેજરને તેનું "કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા" પર કમિશન આપવાનું હોય તો તે શોધવાનું સુત્ર લખો.
12. પેઢીની મિલ્કતો અને દેવાનું પુનઃ મુલ્યાંકન શા માટે કરવામાં આવે છે ?
13. અમુલ અને સુમલ 3:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. કુનાલને 1/5 ભાગ સાથે પેઢીમાં દાખલ કરવામાં આવે છે. અમુલ તેના ભાગનો 1/5 ભાગ કુનાલને આપે છે તથા બાકીનો ભાગ સુમુલ આપેલ છે. ત્રણે ભાગીદારોનું નવું નફાનુકસાન પ્રમાણ શોધો.
14. A, B અને C 2:2:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. ભાગદાર C તા.30-9-2012 ના રોજ મૃત્યુ પામે છે. છેલ્લા ત્રણ વર્ષનો સરેરાશ નફો રૂા.60,000 છે. 'C' ના ભાગના નફાની સમયના આધારે ગણતરી કરો. પેઢીનું હિસાબી વર્ષ દર વર્ષે તા.31મી ડિસેમ્બરના રોજ પૂર્ણ થાય છે.
15. જ્યારે વિસર્જન ખર્ચની જવાબદારી ભાગીદારે સ્વીકારી હોય પરંતુ ખરેખર ખર્ચ પેઢીએ ચૂકવ્યો હોય ત્યારે કંઈ નોંધ કરવામાં આવશે ?
16. સાદા ડિબેંચર એટલે શું ?
17. સમાજ કે જાહેર પ્રજાને નાણાંકીય પત્રકોનાં વિશ્લેષણમાં શા માટે રસ હોય છે ?
18. સધ્ધરતાના ગુણોત્તરો જણાવી તેનું મહત્વ જણાવો.
19. ડિબેંચર પરત કરવાની પદ્ધતિઓ જણાવો.

**અથવા**

   જ્યારે "ડિબેંચર પરતનિધીના રોકાણો" પર વ્યાજ મળે છે ત્યારે કઈ નોંધ કરવામાં આવે છે ?
20. જો સરેરાશ સ્ટોક રૂા.2,00,000 હોય કુલ વેચાણ રૂ.12,50,000 હોય અને કાચો નફો રૂ.2,50,000 હોય તો સ્ટોકનો ઉથલો નક્કી કરો.

## વિભાગ - C

**નીચેના 21 થી 27 પ્રશ્નો ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્ન બે ગુણનો છે.** (14)

21. A, B અને C ભાગીદારો છે. તેમણે 1:2:3 ના પ્રમાણમાં નફો વહેંચવાને બદલે ભૂલથી સરખા પ્રમાણમાં વહેંચ્યો છે. ભાગીદાર Aનું મૂડી ખાતે આ ભૂલ સુધારણા માટે રૂા.20,000 થી ઉધાર્યુ હોય તો B અને C ના મૂડી ખાતાની અસર જણાવો.

22. ભાગીદાર A દર ત્રણ મહિનાને અંતે રૂ.480 નો ઉપાડ કરે છે. જો ઉપાડ પર વ્યાજનો દર 10%, હોય તો વર્ષનો કુલ ઉપાડ તથા ઉપાડ પર વ્યાજ શોધો. પેઢીનું હિસાબ વર્ષ દર વર્ષે 31મી માર્ચે પુરૂ થાય છે.

23. સાગર અને સરીતા 2:1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. હવે તેમણે તેમનાં નફાનું પ્રમાણ બદલીને 1:1 કર્યું છે. તા.31-03-07ના રોજ તેમના ચોપડામાં નીચે પ્રમાણે વિગતો દર્શાવી છે.

સામાન્ય અનામત રૂા.5000, નફો નુકસાન ખાતુ (ઉધાર બાકી) રૂા.18000.

ઉપરોક્ત અનામત અને નફો નુકસાન ખાતાની વહેંચણીની નોંધ લખો.

24. અતુલ, બકુલ અને કિરણ 3:2:1 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. ચોપડામાં પાઘડી રૂા.15,000 થી દર્શાવેલ છે. ભાગીદારોએ તેમના નફાનુકસાનનું પ્રમાણ બદલીને 1:1:1 નક્કી કર્યું છે, તથા પાઘડીનું મુલ્ય રૂ.6,000 નક્કી કર્યું છે. પાઘડીનું પુનઃ મૂલ્યાંકન કર્યા પછી પાઘડીની તમામ રકમ માંડી વાળવી તેનું નક્કી કર્યું છે. ઉપરોક્ત સંગોમાં જરૂરી નોંધો લખો.

25. પાઘડી રૂા.20,000 મૂલ્યની જે ચોપડે દર્શાવેલ નથી તેના રૂા.18000 ઉપજ્યા તથા આવકવેરાની જવાબદારી રૂા.22,000 વિસર્જન સમયે રીસીવર દ્વારા ચુકવવામાં આવી જેની નોંધો દર્શાવો.

26. એક શેરહોલ્ડર રૂા.10નો એક એવા 400 શેર ધરાવે છે. તેણે શેર અરજી સાથે શેરદીઠ રૂા.2.50 અને શેરવહેંચણીના શેરદીઠ રૂા.3.00 પ્રમાણે રકમ ભરી છે, પરંતુ પ્રથમ હપતાના શેરદીઠ રૂા.2.50 પ્રમાણે રકમ ભરી નથી. કંપનીએ છેલ્લો હપ્તો મંગાવતા પહેલા આ શેર જપ્ત કર્યા તથા શેરદીઠ રૂા.3ના વટાવ સાથે પૂર્ણ ભરપાઈ થયેલ તરીકે બહાર પાડ્યા. કંપનીના ચોપડે આમનોંધ લખો.

**અથવા**

કાલ્પનિક આંકડાઓ દ્વારા કંપનીની શેરમૂડીનું વર્ગીકરણ કંપનીના પાકા સરવૈયામાં દર્શાવો.

27. એક કંપનીએ તા.1-1-2004ના રોજ રૂા.100નો એક એવા 8% ના 3000 ડિબેંચર, 6% ના વટાવે બહાર પાડ્યા. કંપનીનું હિસાબીવર્ષ 31મી ડિસેમ્બરના રોજ પુરૂ થાય છે. ડિબેંચર નીચે પ્રમાણે પરત કરવામાં આવ્યા.

| તારીખ | ડિબેંચર પરત કર્યાની સંખ્યા |
|---|---|
| 31.12.2005 | 1200 |
| 31.12.2006 | 900 |
| 31.12.2007 | 600 |
| 31.12.2008 | 300 |

દર વર્ષે માંડી વાળવાની વટાવની રકમ શોધો.

## વિભાગ - D

**નીચેના 28 થી 33 પ્રશ્નો ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્ન 3 ગુણનો છે.** **(18)**

28. એક પેઢીની નફાની નીચે પ્રમાણેની વિગતો મળેલ છે. પાંચ વર્ષની ખરીદીને આધારે પાઘડીની ગણતરી યોગ્ય પદ્ધતિથી કરો.

| વર્ષ | 2008 | 2007 | 2006 | 2005 |
|---|---|---|---|---|
| નફો રૂા. | 55,000 | 44,000 | 33,000 | 22,000 |

29. પેઢીની કુલ મિલકતો રૂ.3,00,000 (રૂ.20,000 રોકડ સિલક સહિત) છે. ચોખ્ખી મિલ્કતો રૂ.2,00,000 છે. મૂડી તથા અનામતોનું પ્રમાણ 3:1નું છે. ભાગીદાર A ની મૂડી ભાગીદાર Bની મૂડી કરતાં બમણી છે. પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું. માલમિલકત નિકાલ ખાતાનું નુકસાન રૂ.50,000 છે. માલમિલકત નિકાલ ખાતુ તથા ભાગીદારોનાં મૂડીખાતાં બનાવો.

30. વિશાખા લીમી.એ તા.1-1-2006 નાં રોજ 9% ના રૂ.100 નો એક એવા 9000 ડિબેંચર બહાર પાડ્યા. આ ડિબેંચર તા.31.12.12 ના રોજ રૂ.130 ના દરે પરત કરવામાં આવ્યા. ડિબેંચર બહાર પાડવાની તથા પરત કરવાની આમનોંધો દર્શાવો.

31. (i) નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ કરવાની પદ્ધતિઓ જણાવો.
(ii) કંપનીધારાની પરિશિષ્ટ 6 પ્રમાણે પાકા સરવૈયાના સ્વરૂપો જણાવો.
(iii) સામાન્ય માપનાં પત્રકો બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

**32. નીચેની માહિતી PQR લી.નાં નાણાંકીય હિસાબોમાંથી લેવામાં આવી છે.**

| વિગત | રકમ રૂા. |
|---|---|
| કાચો નફો | 2,24,000 |
| વેચેલ માલની પડતર | 4,16,000 |
| અનામતો | 50,800 |
| પરચૂરણ લેણદારો | 60,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 28,000 |
| જમીન અને મકાન | 1,52,000 |
| પ્લાન્ટ અને મશીનરી | 1,70,000 |
| આખરનો સ્ટૉક | 65,000 |
| લેણી હૂંડી | 20,000 |
| પરચુરણ દેવાદારો | 76,000 |
| રોકડ સિલક | 15,000 |
| 10% ડિબેંચર | 1,60,000 |

કુલ કામનાં દિવસો 360.
(i) કાચા નફાનો ગુણોત્તર, (ii) દેવાદારોનો ગુણોત્તર, (iii) કાર્યશીલ મૂડીના ઉથલાનો ગુણોત્તર શોધો.

**33. નીચેના વ્યવહારો પરથી શ્રી વૈભવની સંવત 2069 આસો માસની જમાનોંધ તૈયાર કરો.**

આસો સુદ-1 રૂા.12,000 નો માલ બલરામ પાસેથી 10% વેપારી વટાવે તથા 2% રોકડ વટાવ ખરીદ્યો. 3% વેચાણવેરો, લારી ભાડાનાં રૂા.80 તથા મજુરીના રૂા.30 સાથે ભરતીયા નં.91 મળ્યું.

આસો સુદ-5 લક્ષ્મી પાસેથી રૂા.9,000 નો માલ 10% ના વેપારી વટાવે ખરીદ્યો. 4% ના દરે વેચાણવેરો તથા લારીભાડાનાં રૂા.70 ઉમેરીને ભરતીયા નં.34 મળ્યું. અડધી રકમનો ચેક આપ્યો.

આસો સુદ-15 બોસ કોમ્પ્યુટરમાંથી રૂા.7500નું પ્રિન્ટર ખરીદ્યુ. 5% વેચાણવેરો ઉમેરીને ભરતીયું મળ્યું.

આસો વદ-3 સુકેતુએ તેને ભાદરવા વદ-8 નાં રોજ વેચેલ માલમાંથી રૂા.2000 નો માલ પરત કર્યો. જમા ચિઠ્ઠી નં.33.

આસો વદ-15 બલરામને રૂા.700 નો માલ પરત કર્યો ઉધાર ચિઠ્ઠી નં.23.

## Section - E

**નીચેના 34 થી 36 પ્રશ્નો લાંબા જવાબવાળા પ્રશ્નો છે. જેના સવિસ્તર જવાબ આપો. ગણતરી દર્શાવો. દરેક પ્રશ્ન 8 ગુણનો છે.**

34. A અને B 2:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.31.12.2013ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

**તા.31.12.2013ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી : A | 1,00,000 | | પાઘડી | 9,000 |
| B | 1,00,000 | 2,00,000 | જમીન | 1,00,000 |
| નફા નુકસાન ખાતું. | | 9,000 | મકાન | 50,000 |
| લેણદારો | | 30,000 | યંત્રો | 60,000 |
| દેવીહૂંડીઓ | | 10,000 | દેવાદારો | 20,000 |
| નહિં ચૂકવેલ ખર્ચા | | 5,000 | લેણીહૂંડીઓ | 10,000 |
| | | | રોકડ સિલક | 5,000 |
| | | **2,54,000** | | **2,54,000** |

'C' ને નીચેની શરતોએ તા.1.1.14ના રોજ પેઢીમાં દાખલ કરવામાં આવ્યો.

(1) A પોતાના ભાગનો 50% ભાગ 'C' ને આપશે.

(2) C રૂા.1,10,000 રોકડા તેની મૂડીના ભાગ તરીકે લાવશે. A અને B નવી પેઢીમાં તેમની મૂડી નફાનુકસાનના નવા પ્રમાણ પ્રમાણે રાખશે તે માટે C ની મૂડીને આધાર તરીકે લેવી. જરૂરી રકમ રોકડમાં લાવશે કે લઈ જશે.

(3) પાઘડીની રકમ રૂા.15,000 નક્કી કરી પણ C ના પ્રવેશ પછી પાઘડી માંડી વાળવી.

(4) જમીનની નવી કિંમત રૂા.1,20,000 નક્કી કરી.

(5) મકાનની કિંમત રૂા.2800 ઘટાડવી.

(6) મશીનની બજાર કિંમત રૂા.55,000 છે.

(7) દેવાદારો પર 10% પ્રમાણે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(8) લેણદારોમાંથી રૂા.1500 ચૂકવવાનાં નથી.

જરૂરી ખાતાં તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

35. A, B અને C 4:3:2 નાં પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.31.3.12ના રોજનું પાકું સરવૈયું.

**તા.31.03.2012ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ રૂ. | મિલકતો | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| મૂડી A | 18,000 | | જમીન | | 22,500 |
| B | 13,500 | | યંત્રો | | 7,650 |
| C | 9,000 | | દેવાદારો | 4,500 | |
| લેણદારો | | 5,000 | -ઘા.અનામત | 150 | 4,350 |
| Dની લોન | | 1,000 | રોકડ સિલક | | 5,500 |
| નહિં ચૂકવેલ ખર્ચા | | 500 | સ્ટૉક | | 7,000 |
| | | **47,000** | | | **47,000** |

ભાગીદાર B તા.31.3.2012 ના રોજ નીચેની શરતોએ નિવૃત્ત થશે.

1. જમીન અને સ્ટૉકની કિંમત અનુક્રમે 20% અને 10% વધારવી.
2. ઘાલખાધ અનામત દેવાદારો પર 5% પ્રમાણે રાખવી.
3. કમિશનના રૂ.50 હજી મળવાના બાકી છે.
4. 'B' ને ચુંકવવાની થતી રકમમાંથી રૂ.10,000 લોન તરીકે રાખવા તથા બાકીની રકમ રોકડમાં ચૂકવવી.
5. B એ D ની લોન ચુંકવવાની જવાબદારી સ્વીકારી છે.
6. પેઢીની પાઘડી રૂ.9000 નક્કી કરી છે અને તે ચોપડે બતાવવી.
7. નવા પાકાસરવૈયામાં રોકડસિલક રૂ.10,000 રાખવી.
8. બાકીના ભાગીદારો તેમની મૂડી નવા નફા નુકસાનના પ્રમાણમાં રાખશે. જે 3:2 છે. આ હેતુસર ભાગીદારો રોકડ લાવશે કે લઈ જશે.

જરૂરી ખાતા તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

36. એક કંપનીએ રૂ.10નો એક એવા 80,000 શેર 10% વટાવે બહાર પાડ્યા. શેર પર નાણાં નીચે પ્રમાણે મંગાવવામાં આવ્યા.

અરજી સાથે શેરદીઠ રૂ.3
શેર વહેંચણી સાથે શેરદીઠ રૂ.2
શેર પરનો પ્રથમ હપ્તો શેરદીઠ રૂ.3

બાકીની રકમ છેલ્લા હપ્તા સાથે મંગાવવી. વટાવને શેર વહેંચણી સમયે ધ્યાનમાં લેવો. મૈત્રી જે 400 શેર ધરાવે છે, તેણે શેર વહેંચણી તથા પ્રથમ હપતાના નાણા ચૂકવ્યા નથી. મુનીર જે 600 શેર ધરાવે છે તેણે પ્રથમ હપ્તાના નાણાં ચૂકવ્યા નથી. તેમના શેર જપ્ત કર્યા તથા શેરદીઠ રૂ.6ના ભાવે પુનઃ બહાર પાડ્યા. તે પછી છેલ્લા હપ્તો મંગાવ્યો જે પૂર્ણ ભરપાઈ થયો. કંપનીના ચોપડામાં આમનોંધો લખો. બાબત જે જરૂરી નથી.

## વિભાગ - F

**નીચેના 37 થી 38 પ્રશ્નો લાંબા જવાબવાળા પ્રશ્નો છે. દરેક પ્રશ્ન 12 ગુણનો છે. (24)**

**37. રામ અને લીલા ભાગીદારો છે, તેમનું 31.3.11ના રોજનું કાચું સરવૈયુ નીચે પ્રમાણે છે.**

**તા.31.03.2011ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ રૂા. | જમા બાકી | રકમ રૂા. |
|---|---:|---|---:|
| ચાલુ ખાતું રામ | 10,000 | મૂડી રામ | 1,60,000 |
| સ્ટૉક તા.31.03.11 | 54,600 | લીલા | 1,20,000 |
| રોકડ સિલક | 560 | ચાલુ ખાતું લીલા | 40,000 |
| બેંકમાં ચાલુ ખાતાની સિલક | 14,000 | વેપાર ખાતું | 61,800 |
| દેનાબેંકમાં બાંધી મુદ્દતની બાકી | 80,000 | લીલાની લોન તા.1-10-10 | 60,000 |
| દેવાદારો | 36,800 | દેવાદારો પર વટાવ અનામત | 760 |
| પગાર | 37,000 | ધાલખાધ અનામત | 2,000 |
| જમીન અને મકાન | 1,20,000 | લેણદારો | 24,000 |
| ઑફીસ ફર્નિચર | 50,000 | | |
| ભાડા પટ્ટાનું મકાન | 60,000 | | |
| (પાંચ વર્ષ માટે તા.1-4-10) | | | |
| વીમા પ્રિમીયમ | 2,000 | | |
| સ્ટેશનરી અને પ્રિન્ટીંગ | 1,200 | | |
| ધાલખાધ | 400 | | |
| જાહેરાત ખર્ચ | 1,200 | | |
| મુસાફરી ખર્ચ | 800 | | |
| | **4,68,560** | | **4,68,560** |

**હવાલા :-**

1. રામે રૂ4000 નો માલ અંગત ઉપયોગ માટે લીધો હતો, પરંતુ તેની ચોપડે નોંધ થઈ નથી.
2. રૂા.8000નો માલ તા.31.03.2011 ના રોજ ખરીદ્યો હતો પરંતુ તેની નોંધ થઈ નથી. પણ આખરની સ્ટૉકની ગણતરીમાં તેની ગણતરી થઈ છે.
3. અગાઉથી ચૂકવેલ વીમાપ્રિમીયમ રૂા.400 છે.
4. એક દેવાદરો જેની પાસેથી રૂા.10,000 લેણાં હતાં તે નાદાર જાહેર થયેલ જેની પાસેથી 80% રકમ મળી શકશે. બાકીની રકમ માંડી વાળવી. દેવાદારો પર 5% પ્રમાણે ધાલખાધ અનામત રાખવી.
5. જમીન અને મકાન પર 5% પ્રમાણે તથા ફર્નિચર પર 10% પ્રમાણે ઘસારો ગણો. (રૂા.10,000નું ફર્નિચર તા.1-10-10ના રોજ ખરીદ્યુ હતું.)
6. મૂડી પર 6% પ્રમાણે અને ચાલુ ખાતાની બાકી પર 10% પ્રમાણે વ્યાજ ગણો.

**ઉપરોક્ત વિગતો પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.**

38. **નીચેના વ્યવહારો પરથી ચૈતાલી સ્ટોર્સનો સંવત 2067 ચૈત્ર માસનો બેઠોમેળ તૈયાર કરો તથા તે પરથી વ્યક્તિઓના ખાતા બનાવી ખતવણી કરો.**

સુદ-1 રોકડ સિલક રૂા.16900 તથા બેંક સિલક રૂા.18,800.

સુદ-3 જયા પાસેથી રૂા.9000 નો માલ 10% ના વેપારી વટાવે ખરીદ્યો. અડધી રકમનો ચેક આપ્યો.

સુદ-5 જયા પાસેથી ખરીદેલ બધો જ માલ રેખાને વેચાણ કિંમત પર 25% નફો મળે તે રીતે વેચ્યો. (વેપારી વટાવ બાદ કર્યા પહેલાની પડતર ગણવી.)

સુદ-7 આંગડીયા દિનેશભાઈ સાથે રૂા.2300 આપણા લેણદાર પ્રવિણલાલને ચૂકવવા માટે મોકલ્યાં. આંગડીયા ખર્ચનો રૂા.20 ચૂકવ્યા.

સુદ-10 રૂા.3000 નો માલ રેખાએ પરત કર્યો. જે જયાને પરત કર્યો.

સુદ-12 રેખા પાસેથી 5% નો વટાવ કાપીને ખાતુ ચુકતે કરવાનો ચેક મળ્યો. જે સપનાને વેચાણશેરો કરી આપ્યો.

સુદ-15 રૂા.1200 નું ફર્નિચર મેટ્રો ફર્નિચરમાંથી ખરીદ્યુ. તેમનાં લેણા કલ્પના ટ્રેડર્સ કબુલ્યા.

વદ-2 લેણદાર પ્રવિણલાલ પાસેથ નાણાં મળ્યાની પહોંચ મળી.

વદ-5 પુજાને રૂા.500 3 થી 4 દિવસના શાખ પર આપ્યાં.

વદ-8 બેંકે વ્યાજના રૂા.300 જમા કર્યા તથા કમિશનના રૂા.100 ઉધાર્યા.

વદ-9 કોઈ રૂા.200 ચુકવી ગયુ, પરંતુ તેમનું નામ યાદ નથી રહ્યું.

વદ-12 દેવાદાર મફત નાદાર જાહે રથયો. તેમના રીસીવર પાસેથી છેલ્લા ડિવિડંડ પેટે રૂપિયે 60 પૈસા પ્રમાણે રૂા.8000 નો ચેક મળ્યો, જે બેંકમાં ભર્યો.

વદ-13 પુજાને આપેલ રકમ પાછી ન મળતાં હવે તેમના ખાતે લખી.

વદ-14 રૂા.200 અનાથ આશ્રમમાં દાદીમાની મૃત્યુ તીથિ નિમિત્તે દાનમાં આપ્યા.

વદ-14 આપણાં ગ્રાહકના પુત્રના લગ્ન નિમિત્તે રૂા.300 આપ્યાં.

વદ-15 રૂા.1000 હાથમાં રાખીને બાકીની રકમ બેંકમાં જમા કરી.

• • •